ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરની અંધશાળા ખાતે લુઈ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૪

બ્રેઈલ લિપીના સ્થાપક લુઈ બ્રેઈલના આજે જન્મદિન નિમિતે સમગ્ર વિશ્વમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. તા. ૪ જાન્યુઆરીને યુનેસ્કો દ્વારા લુઈ ડે તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે આજે ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે આવેલ અંધશાળામાં પણ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે આ પ્રસંગે દૃષ્ટિ દિવ્યાંગ બે વિશિષ્ટ વ્યકિતઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રજ્ઞા ચક્ષુ બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરની સેકટર-૧૬ અંધશાળા ખાતે આજે લુઈ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકો માટે બ્રેઈલ લેખન અને સામાન્ય જ્ઞાનની સ્પર્ધા યોજાઈ હતી. બ્રેઈલ લેખન સ્પર્ધામાં અ વિભાગમાં પ્રથમ ક્રમે અર્જુન, બીજા ક્રમે ક્રિષ્ના અને ત્રીજા ક્રમે દૃષ્ટિએ તેવી જ રીતે બ વિભાગમાં પ્રથમ ક્રમે સંજય બીજા ક્રમે રાજ તેમજ ત્રીજો ક્રમ અંજલિએ મેળવ્યો હતો. જયારે સામાન્ય જ્ઞાનના વિષયમાં પણ અ વિભાગમાં પ્રથમ ક્રમ ઈટલી, બીજા ક્રમે ભરત અને ત્રીજો ક્રમ પ્રિયંકાએ મેળવ્યો હતો. જયારે





બ વિભાગમાં પ્રથમ ક્રમે રાજ, બીજા ક્રમે પિન્ટું અને ત્રીજા ક્રમે કિંજલ અને સન્ની વિજેતા બન્યા હતા. આ વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. જયારે બંન્ને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ શાળા પરિવાર દ્વારા આપવામાં આવ્યું હતું.

બ્રેઈલ લીપીના સ્થાપક લુઈ બ્રેઈલનો જન્મ ૧૮૦૯માં ફ્રાન્સના કુપોર ગામમાં થયો હતો. તેઓએ પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલ લીપીની શોધ કરી હતી. તેઓ ખુબ જ ટુંકા સમયમાં મોટી શોધ કરીને આ દુનિયા છોડી ચાલ્યા ગયા હતા. ઈ.સ.૧૮૫૨ માં તેઓનું મૃત્યું થયું હતું. ત્યારે સમગ્ર વિશ્વમાં તા.૪ જાન્યુઆરીને લુઈ ડે તરીકે ઉજવવામાં આવે છે. જેને પગલે સે-૧૬ અંધશાળા ખાતે પણ બે વિશિષ્ટ વ્યકિતઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હાજર મહેમાનોનું સ્વાગત બુકે આપી કરવામાં આવ્યું હતું. જેમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા અમદાવાદના બ્રાન્ચ મેનેજર ભુપેન્દ્ર ત્રિપાઠીનું અને સુગમ્ય ભારત અભિયાનની ગુજરાતની એકમાત્ર સોશ્યલ એમ્બેસેડર અને મોટીવેટર કલગી રાવલનું મહેમાનોના હસ્તે બુકે, પ્રમાણપત્ર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો તેમજ બંન્ને સન્માનિત વ્યકિતઓએ બાળકોને પ્રોત્સાહન આપતું વક્તવ્ય પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વિરેનભાઈ જોશી, મંત્રી જયંતિભાઈ પટેલ, ખજાનચી રમણભાઈ પટેલ, કચ્છ કડવા પાટીદાર સમાજના રંગાણીભાઈ, ઉપપ્રમુખ ઘનશ્યામ દેસાઈ, કૈલાસદાન ગઢવી, લહેરચંદ મહેતા, ગગન મહેતા, પ્રવિણભાઈ પરમાર હાજર રહ્યા હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ઉમેશભાઈ પરમારે કર્યું હતું.

# સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં કેલેન્ડર્સ-ડાયરીની 'આપ-લે'ની મોસમ ખિલી...!!!

ગાંધીનગર, તા.૪

લ્યો... હજુ તો દિવાળીની મિઠાઈ તથા ગીફટસની આપ-લેની સીઝન માંડ પતી ત્યાં તો નવા વર્ષના કેલેન્ડર્સ-ડાયરીની સીઝન આવી ગઈ છે. સરકારી કાર્યાલયોના જંગલમાં અત્યારે દરેક ઓફિસમાં નવા કેલેન્ડર-ડાયરીની લેવડ દેવડના દૃશ્યો જોવા મળી રહ્યા છે અને પોતાને પસંદ હોય તેવી માહિતી કે ચિત્રો ધરાવતા કેલેન્ડર્સ મેળવવા કર્મચારીઓ ઘાંઘા થયેલા પણ જોવા મળે છે તો પોતાનું કામ કઢાવવા કેલેન્ડર્સ-ડાયરીની ભેટ આપવાનો બહાનો કચેરી કચેરીએ ફરતા વેપારીઓ, વચેટિયા કે માર્કેટીંગ એકિઝકયુટિવ્ઝની પણ આવન જાવન જોવા મળી રહી છે.

પાટનગરની સરકારી




ઓરિસોમાં સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રકારની 'આપ-લે'ની સીઝન સતત ચાલુ જ હોય છે તેનાથી કોણ અજાણ છે? દિવાળીમાં મિટાઈ-ગીફટસની આપ-લે, ઉત્તરાયણમાં પતંગ-દોરી કે ચિક્કીની આપ-લે, ઉનાળાની ઋતુમાં કેરીની પેટીઓની આપ-લે વગેરે જોવા મળે છે. વળી શહેરમાં કે આસપાસમાં જો કોઈ કલાકાર, ફિલ્મ સ્ટાર કે ગાયક આવવાના હોય તો તેના પાસની આપ-લે, નવરાત્રિમાં ગરબાના અને થર્ટી ફર્સ્ટમાં ડીજે ડાન્સ પાર્ટીના પાસની આપ-લે તો ખરી જ. આ ઉપરાંત જેને પોતાનું કામ કઢાવવાનું છે તેવી વ્યકિતએ પોતાના વિસ્તારની પ્રખ્યાત ચીજવસ્તુઓ આપવી જેમ કે સુરતના હોવ તો ઘારી કે ઘેબર, ભાવનગરના હોય તો ગાંઠીયા, રાજકોટના હોવ તો પેંડા, જુનાગઢના હોય તો કેસર કેરી, વડોદરાના હોવ તો લીલો ચેવડો અને ભાખરવડી વગેરે વગેરે... સચિવાલય સહિત તમામ સરકારી કચેરીમાં પોતાનું કામ કઢાવી લેવા 'સંબંધ' સાચવવો અનિવાર્ય હોય છે અને આવી 'આપ-લે' દ્વારા વેપારીઓ વચેટીયા કે રાજકીય મળતીયા પોતાનું કામ કઢાવી લેવાનો કે ફાઈલ કેટલે પહોંચી તેને આગળ ધકેલવાની વાત કરવાનો અથવા 'વાંધા શેરો' પડતો અટકાવવાનું કામ કરાવી લેતા હોયછે. વર્ષ ૨૦૧૯ની શરૂઆત થઈ ચુકી છે ત્યારે હાલ સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં કેલેન્ડર્સ-ડાયરીની બોલબાલા જોવા મળી રહી છે.

# કલરવ સંસ્થાના બાળમિત્રો બાકોર નેચર પાર્કની મુલાકાતે જશે

ગાંધીનગર, તા.૪

કલરવ સંસ્થાના બાળમિત્ર સભ્યોને આગામી તા. ૨૦ જાન્યુઆરીને રવિવારના રોજ બાકોર નેચર પાર્કની મુલાકાતે લઈ જવામાં આવશે.

કલરવ સંસ્થાના વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોએ આ બાકોર નેચર પાર્કની મુલાકાત માટે ટોકન અનુદાન પેટે રૂ.૫૦૦ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ફિઝીયોથેરાપી સેન્ટર સેકટર-૨૨ પંચદેવ મંદિરની બાજુમાં સેકટર-૨૨ ખાતે જમા કરાવવાના રહેશે. બાળમિત્રોએ સમયસર અનુદાનની રકમ જમા કરાવીને ટોકન મેળવી લેવાનો રહેશે. તેમજ વ્યવસ્થાના ભાગરુપે દરેક બાળમિત્રએ સમગ્ર પ્રવાસ દરમિયાન આ ટોકનને પીન-અપ કરવો ફરજીયાત છે. તા. ૧૫ જાન્યુઆરી સુધીમાં નેચરપાર્કનું અનુદાનની રકમ જમા કરાવવાની રહેશે. વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોને આ કાર્યક્રમના એસએમએસ તથા ઈમેલ આઈડી દર્શાવેલ વાલીઓને ઈ-મેઈલથી પત્ર મોકલવામાં આવી રહ્યા છે. જયારે બાળમિત્રોના વાલીઓએ તા. ૨૦ જાન્યુઆરીના રોજ સવારે ૬ કલાકે તેમને મનગમતો નાસ્તો, પાણીની બોટલ, સાથે સેકટર-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલની બહાર દરવાજા નજીક કલરવના વોલન્ટિયર્સને સોંપવાના રહેશે. ત્યારબાદ રાત્રે ૧૦ કલાકે બાળકને પરત લેવા માટે આવવાનું રહેશે તેમજ ગાંધીનગરથી બાકોર નેચર પાર્ક ૧૩૦ કિ.મી દુર છે. તેમ સંસ્થાના પ્રમુખ કમલ જૈન દ્વારા જણાવાયું છે.



# આરોગ્ય વિભાગના છાયાબેન પંડયાનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર,તા.૪

કમિશનરશ્રીની કચેરી આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી વિભાગ) બ્લોક નં.૫ ડો. જીવરાજ મહેતા ભવન ખાતે વહીવટી અધિકારી વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા છાયાબેન યોગેશચંદ્ર પંડયા વય નિવૃત થતા તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે છાયાબેન પંડ્યાએ સર્વે સખી થાયો અને સર્વે નિરોગી રહો તેવી ભાવનાથી કચેરી ખાતે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કર્યું હતું. કથા અને વિદાય સમારોહને પગલે કચેરીને સુંદર રીતે શણગારવામાં આવી હતી. જયારે કથા દરમિયાન સ્ટાફના સાથી કર્મચારી ભાઈ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ત્યારબાદ બપોરના સુમારે આરોગ્ય વિભાગ ખાતે આવેલા પરિવર્તન હોલમાં વયનિવૃતીનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં અધિક નિયામક ડો.એન.બી.ધોળકીયાએ છાયાબેનને શ્રીફળ, સવા રૂપીયો અને સાકરનો પડો આપી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ આ પ્રસંગે છાયાબેન પંડયાની ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની સેવાઓમાં કરેલી કામગીરીને બિરદાવી હતી. તે ઉપરાંત કચેરીની સંકલનની કામગીરી તથા માનસિક આરોગ્યની સેવાઓને પણ યાદ કરી હતી. વયનિવૃત બાદ છાયાબેન પંડ્યા પ્રવૃતિમય રહે અને આરોગ્ય સારુ રહે તેવી શુભકામના પાઠવી હતીક

છાયાબેન પંડ્યા આરોગ્ય વિભાગમાં વર્ષ ૧૯૮૨ માં ફરજ પર આવ્યા હતા અને ૩૬ વર્ષ સુધી તેમના કુશળ વહીવટનો લાભ આરોગ્ય વિભાગને મળતો રહ્યો છે. જયારે સરકારી ફરજ દરમિયાન ૫ વર્ષ સુધી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ઉમદા કામગીરી કરી છે. જયારે છાયાબેને પણ પોતાના જુના સ્મરણો યાદ કર્યા હતા. જયારે સૌ કર્મચારી ભાઈ બહેનોએ તેઓને શુભેચ્છા પાઠવી હતી.

# સે-૫ માં મકાનમાં ચાલતા ક્રિકેટ સટ્ટા પર એલસીબીનો દરોડો

## ઘરે બેઠા મોબાઈલ પર સટ્ટો રમાડી રહેલા બે સટોડિયાઓની ૮૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ ખાતે એક મકાનમાં બેઠા બેઠા મોબાઈલ પર ક્રિકેટ સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે બાતમી વાળા મકાનમાં દરોડો પાડી બે સટોડિયાઓને દબોચી લીધા છે. બિગ બોસ ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ પર આ બંને સટોડીયા ઘરમાં બેઠાબેઠા લખી રહ્યા હતા. એલસીબીની ટીમ દ્વારા દરોડો પાડીને બંને શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી ૭ મોબાઈલ તથા તેમની પાસેથી સટ્ટો લખાવનાર ગ્રાહકોની યાદી અને સટ્ટાના આંકડા લખેલો ચોપડો જપ્ત કરવામાં આવ્યો છે. એલસીબીએ મોબાઈલો, ચોપડો તથા એકટીવા અને રોકડ મળી કુલ રૂ.૮૭,૨૭૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તેમના ગ્રાહકો અને તે જેમની પાસે કટીંગ લખાવતા હતા તે સહિતના સટોડિયાઓ અને બુકીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલની સૂચનાથી તેમની ટીમના પી.એસ.આઈ એચ.કે.સોલંકી તેમના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહને ગઈકાલે બપોરે ક્રિકેટ સટ્ટા અંગેની બાતમી મળી હતી. હાલમાં ચાલી રહેલી બિગ બોસ ટી-ટ્વેન્ટી કેએફસીની ક્રિકેટ મેચ સિરીઝમાં ગઈકાલે સિડની વિરુદ્ધ પર્થ વચ્ચે ક્રિકેટ મેચ હતી. આ ક્રિકેટ મેચ પર સેક્ટર-૫ એ પ્લોટ નંબર ૨૧/૨ મા રહેતો મુળ સરખેજનો શખ્સ સમીર હસુભાઈ કલાવત તેના મકાનમાં જ સટ્ટો રમાડી રહ્યો હોવાની માહિતી મળી હતી. જેને આધારે દરોડો પાડીને એલસીબીની ટીમે સમીર ઉપરાંત મૂળ સેક્ટર-૫ બી પ્લોટ નંબર ૧૪૮૯/૨ માં રહેતો અને હાલ સેકટર-૯ ખાતે પ્લોટ નંબર ૧૦૭/૮માં સરકારી ક્વાર્ટર્સમાં રહેતા તાહિર મહમુદઅલી શેખને પકડી પાડયા હતા. મકાનમાં બેઠા-બેઠા ક્રિકેટ સટ્ટાનો સોદા લખી અને તે સોદાના ઉપર કટીંગ લખાવી રહેલા બન્ને શખ્સોની ધરપકડ કરીને એલસીબીની ટીમે તેમની પાસેથી રોકડ રૂ.૩૮,૩૦૦, ૭ મોબાઈલ, એકટીવા તથા સટ્ટા લખેલો ચોપડો મળી કુલ રુ.૮૭,૨૭૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

### ચોપડામાં લખેલી ગ્રાહકોની યાદીમાં ગાંધીનગરના મોટા માથાઓનો સમાવેશ..!

એલસીબીની ટીમે પકડેલા બંને સટોડિયાઓ પાસેથી એક ચોપડો મળી આવ્યો છે. જેમાં આ બંને સટોડિયાઓ જ્યાં જ્યાં સટ્ટાના કટીંગ આપે છે તે બુકીઓના કોડવર્ડમાં નામો સાથે સોદાઓ લખેલા છે. તે ઉપરાંત આ બંને સટોડિયાઓના જેટલા ગ્રાહકો હતા તેમની પણ સાંકેતિક ભાષામાં નામ અને સોદાઓ લખેલા છે. બંને સટ્ટોડિયાઓની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે તેઓ સુરેન્દ્રનગરના મુન્નાભાઈ અને અમદાવાદના પી.કે નામના બુકીઓને સટ્ટાના કટીંગ આપતા હતા. તેમના ચોપડામાં પણ આ બંનેના નામો અને સોદાઓના આંકડા મળી આવ્યા છે. તે ઉપરાંત તેમના ગ્રાહકોને યાદી પણ લાંબી છે જેમાં કોડવર્ડ સાથેના નામ, મોબાઈલ નંબર અને સોદાઓ લખેલા છે. ગ્રાહકોની આ યાદીમાં ગાંધીનગરના મોટા માથાઓ હોવાની શક્યતા પોલીસે પ્રાથમિક તપાસમાં વ્યક્ત કરી છે. યુ.વી (યુવરાજ), આર.ઝેડ(રીઝવાન), સી.પી, એફ.કે (ફારુક), સાજીદ, ૮૨, જે.ડી (જયેન્દ્ર) સહિતના કોડવર્ડ સાથે લખેલા ગ્રાહકોના નામ અને નંબરની યાદી આ ચોપડામાંથી મળી આવી છે. પોલીસે તે દિશામાં ઉંડી તપાસ શરૂ કરીને તેમના બુકીઓ અને ગ્રાહકોને શોધી કાઢવા તપાસ તેજ કરી છે.

# ડિવાઈન જૂનિયર પ્રિ-સ્કૂલમાં વાલીઓ માટે સલાડ ડેકોરેશનની હરિફાઈ






ગાંધીનગર સેકટર-૬ ખાતે આવેલ જિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં વાલીઓ માટે સલાડ ડેકોરેશનની હરીફાઈ યોજવામાં આવી હતી. જેમાં કુલ ૧૫ જેટલા વાલીઓએ હોંશભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે દિપ્તીબેન પટેલ, દ્વિતિય નંબરે પૂર્વીબેન કંસારા, તૃતીય નંબરે જીગ્નાબેન મકવાણા તથા બેસ્ટ સલાડ કાર્વિંગમાં આશાબેન પંડયા અને ટેસ્ટ ઓફ ધ ડેનો નંબર દીપાબેન શાહે મેળવ્યો હતો. ડિવાઈન જુનિયરના સ્થાપક ગિરા ચૌધરીએ સર્વ વાલીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# બીબીએ કોલેજના ૧૧૦ વિદ્યાર્થીઓની અરવિંદ સાધના કેન્દ્ર ખાતે જ્ઞાન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એક દિવસીય જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૯.૩૦ વાગ્યાથી લઈ ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ શ્રીમહર્ષિ અરવિંદ, શ્રીમાતાજી તેમજ પોંડીચેરી આશ્રમ, ઓરોવીલ્લ, આદર્શ બાળક જેવા અનેક વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડો. જ્યોતિબેન થાનકી, ડો.સી.કે. તન્ના તેમજ અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રી અરવિંદના જીવન ચરિત્ર બાબતે તેમજ શ્રી માતાજી ના જીવન ચરિત્ર બાબતે ખુબ ઉપયોગી વક્તવ્યો રજુ કર્યા હતા. ડીજીટલ યુગમાં વ્યક્તિ ને મનની શાંતિ મેળવવી હશે તો આવી કોઈ જગ્યા પર મળશે. જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડમાં માણસમાં ડીપ્રેશન, સ્ટ્રેસ સહીત માનસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન યોગ, ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવૃતિઓથી થઈ શકે છે. સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગાંધીનગરમાં રવિવારે વિજ્ઞાન જાથાની રાજયકક્ષાની મિટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૪

ભારતભરમાં વર્ષ ૧૯૮૭માં ભારત વિજ્ઞાન યાત્રાથી જાથાની કામગીરીનો મર્યાદિત સમય માટે પ્રારંભ થયો. ત્યાર બાદ વર્ષ ૧૯૯૨માં ભારતભરમાં ૪૦૦ જિલ્લામાં ભારત જન વિજ્ઞાન જાથાની સક્રિય કામગીરી દેશવ્યાપી શરૂઆત થઈ તેમાં રાજયમાં જિલ્લા સંગઠન સમિતિની રચના હેઠળ ગુજરાતમાં વિજ્ઞાન પ્રચાર-પ્રસાર, અંધશ્રદ્ધા, નિર્મૂલન સાથે પાંચ મુદ્દાઓની કામગીરી લોકચળવળથી ઉભી કરવામાં આવી. જાથાની પ્રવૃત્તિમાં સંનિષ્ઠ કાર્યકરો જોડાતા મીશન રૂપ ધારણ કર્યું. અનેક અડચણો વચ્ચે ગુજરાતમાં જાથાએ કામગીરી ચાલુ રાખી, વર્તમાન સમયે પંદર શાખાઓ પોતાના વિસ્તારમાં કામ કરી રહી છે. આગામી એપ્રિલ-મેમાં રાજકોટ-અમદાવાદ ખાતે જાથાના સદસ્યોનું મહા અધિવેશન યોજવામાં આવશે.

અમદાવાદ-ગાંધીનગર જિલ્લા તેમજ આસપાસના વિસ્તારો માટે કાયમી વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ માટે ગાંધીનગર ખાતે મિટીંગનું આયોજન તા. ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રવિવારના રોજ સાંજે ૫ કલાકે હોટલ ગ્રાન્ડ ક્રિશ્ના, સુપર મોલ, ચોથા માળે, ઈન્ફોસીટી પોલીસ ચોકી, ઘ-૦ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રાજયના માહિતી ખાતાના નિયામક અશોક કાલરીયા તથા એડીશનલ ડી.જી.પી. ડૉ. વિનોદકુમાર મલ્લ માનવ જીવનમાં વિજ્ઞાન ઉપયોગી તેની વિવિધતા સાથે વ્યાખ્યાન આપી પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવામાં આવશે અમદાવાદમાં દર મહિને વ્યાખ્યાનમાળા યોજી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. જાથાના પ્રત્યેક કાર્યક્રમમાં નવાંગતુક વિચારશીલ માણસોને આવકારી જોડવામાં આવે છે. દર મિટીંગમાં નવા જીજ્ઞાષુઓને જોડવામાં આવે છે. વર્ષોથી એકને એક જ વ્યકિત હાજરી આપે તેમાં જાથાને વિશ્વાસ નથી. નવા લોકોને આવકારી પ્રોત્સાહન આપવામાં આવે છે.

રાજય કક્ષાની મિટીંગમા ઉદ્યોગપતિ અને સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજના અગ્રણી મગનભાઈ પટેલ, સામાજિક અગ્રણી ભીમજીભાઈ નાકરાણી, સમાજ સુધારક તખ્તસિંહ પરમાર તથા ઉમિયા દર્શનના તંત્રી દિલીપભાઈ વાછાણીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર રેશનલ સમાજના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, મંત્રી પંકજભાઈ પટેલ, નિસર્ગ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. અનિલભાઈ પટેલ, નિવૃત્ત કલેકટર પી.કે. ગઢવી તથા નિવૃત્ત નાયબ સચિવ વાગ્મીન બુચ હાજર રહી જાથાની પ્રવૃત્તિને વેગ આપશે.